દાખલ તારીખ   ૧૫–૧૦–૨૦૨૦
નોંધણી તારીખ ૧૫–૧૦–૨૦૨૦
ફેંસલ તારીખ   ૧૦–૦૭–૨૦૨૧
સમય ગાળો:–  વર્ષ માસ દિવસ
૦૦–૦૮–૨૫

---

**બીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પાટણ**

---

**ફોજદારી કેસ નંબર :– ૮૩૦/૨૦૨૦**
આંક :– ૪

ફરીયાદી :– શ્રી સરકાર.........

–:: વિરૂધ્ધ ::–

આરોપી :– પરમાર પ્રવિણભાઈ સોમાભાઈ, ઉ.વ.૪૯,
રહે.પાટણ, રામનગર, તા.જી.પાટણ.

ગુનો :– **ઈ.પી.કોડની કલમ–૨૭૯ મુજબ.**

–:: ક બુ લા ત  ઠ રા વ ::–

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાની રીક્ષા નં.GJ.24.V..0191 ની પુરઝડપે અને ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે હંકારી મળી આવી, આરોપીએ ઈ.પી.કો.કલમ–૨૭૯ મુજબનો ગુનો કરેલ હોવા બાબતેની ફરીયાદીની ફરીયાદ આધારે પાટણ સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૧૯૩/૨૦૧૯ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે આગળની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની  કોર્ટમાં રજુ કરેલ છે.

૨. સદર કામે આરોપીને ચાર્જશીટ સાથે કોર્ટ રૂબરૂ રજુ કરવામાં આવતા અને આરોપી તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની આંક–૨ થી લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા, આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે અને આંક–૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૩. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતો હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ આરોપીએ તેની ગુના કબૂલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ મંજુર છે, તેઓ ગરીબ માણસ છે, કુટુંબનો આધાર તેમના એકલા ઉપર છે અને તેઓ મજુરી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે, તેમનો પ્રથમ ગુનો છે તેમજ મૌખિક રજુઆતમાં તેઓની ઉપર દયા કરવા વિનંતી કરેલ છે. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છિક રીતે કબુલ કરતો હોઈ, આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગો ઘ્યાને રાખી સદરહુ ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: <u>હુ ક મ</u> :–

૧. આ કામના આરોપી પરમાર પ્રવિણભાઈ સોમાભાઈ, ઉ.વ.૪૯, રહે.પાટણ, રામનગર, તા.જી.પાટણવાળાને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તેની સામેના ઈ.પી.કોડની કલમ–૨૭૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એક સો પુરા) દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧૦(દસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, તા.**૧૦મી,** માહે.**જુલાઈ,** સને.**૨૦૨૧** ના રોજ મેજીસ્ટ્રેટની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧
પાટણ.

**(એજાઝઅલી મખમુદઅલી બુખારી)**
બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ

Code No.GJ-01492.